# રાજ્યના નગરોના ઝડપી-પારદર્શી આયોજનબદ્ધ વિકાસ માટે મુખ્યમંત્રીનો નિર્ણય

## સુરેન્દ્રનગર-નવસારી-પોરબંદર નગરપાલિકાઓમાં વઢવાણ-વિજલપોર-છાયા નગરપાલિકાઓનો સમાવેશ કરી સંયુક્ત નગરપાલિકાઓ રચાશે


ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ નગરોના આયોજનબદ્ધ અને ઝડપી વિકાસને વધુ વેગ આપવા રાજ્યની ત્રણ નગરપાલિકા વિસ્તારમાં તેને સંલગ્ન અન્ય નગરપાલીકા સમાવિષ્ટ કરીને સંયુકત નગરપાલિકાની રચના કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ રાજ્યના સર્વગ્રાહી વિકાસને વેગ આપવા આ સંયુકત નગરપાલિકાઓની રચના કરી છે તેના પરિણામે સ્થાનિક સત્તાતંત્રનો વહિવટ ખર્ચ ઘટશે. એટલું જ નહિ, પ્રશાસકિય વિસ્તારો અને કર્મયોગી માનવબળ વધતાં કામગીરીમાં સરળતા અને ઝડપ આવશે અને વિકાસકામોને નવી ગતિ મળતી થશે. મુખ્યમંત્રીના આ નિણર્ય અનુસાર, સુરેન્દ્રનગર-દૂધરેજ નગરપાલિકામાં વઢવાણ નગરપાલિકાનો સમાવેશ કરીને સંયુકત નગરપાલિકા રચવામાં આવી છે અને તેનું મુખ્યમથક સુરેન્દ્રનગર રાખવામાં આવ્યું છે.

એટલું જ નહિ, દક્ષિણ ગુજરાતના નવસારી નગરપાલિકામાં વિજલપોર નગરપાલિકાનો સમાવેશ કરીને નવસારી-વિજલપોર સંયુકત નગરપાલિકાના અને તેના મુખ્યમથક તરીકે નવસારી રાખવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત પોરબંદર નગરપાલિકામાં છાયા નગરપાલિકા સમાવિષ્ટ કરીને પોરબંદર-છાયા નગરપાલિકા નામાભિધાન સાથે તેનું મુખ્ય મથક પોરબંદર રાખવાનો પણ નિર્ણય કર્યો છે.

આ નવી ત્રણ સંયુકત નગરપાલિકાઓમાં વહિવટદાર તરીકે સંબંધિત પ્રાંત અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. તદઅનુસાર, સુરેન્દ્રનગર-વઢવાણ નગરપાલિકાના વહિવટદાર તરીકે પ્રાંત અધિકારી વઢવાણ, નવસારી, વિજલપોર નગરપાલિકાના વહિવટદાર તરીકે પ્રાંત અધિકારી નવસારી અને પોરબંદર છાયા નગરપાલિકાના વહિવટદાર તરીકે પ્રાંત અધિકારી પોરબંદરની નિમણૂંક કરવામાં આવી છે.

## જન્મદિવસે પ્રણામ...



આજથી ૮૫ વર્ષ પહેલા ભારતના કચ્છ શહેરના દયાપર નામના ગામમાં આષાઢ સુદ-૨ (રથયાત્રા)ના દિવસે એક વિભૂતિ સંત એટલે કે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસ (ગુરુજી)નો જન્મ થયો હતો. એમને એમનું સંપૂર્ણ જીવન સાદગીપૂર્વક જીવ્યા છે.

પ.પૂ. ગુરુજીએ આજથી ૬૩ વર્ષ પહેલા મનુષ્યોના ઉદ્ધાર માટે અને સ્વામિનારાયણ ભગવાનનું ભજન-કીર્તન ગાવા માટે દીક્ષા લીધી હતી. એમને ગાંધીનગરની ધરતી ઉપર સૌ પ્રથમ સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર બનાવીને સૌ મુમુક્ષુજીવોના જીવનમાં સારા સંસ્કારની શરુઆત કરી હતી. એમને આ સંપ્રદાયના અને સમાજના ઉદ્ધાર માટે ૪૨ ગ્રંથોની રચના કરીને અર્પણ કર્યું. પૂ. ગુરુજી ને સ્વામિનારાયણ સંપ્રદાયના અમૂલ્ય રત્ન તરીકે ઓળખવામાં આવે છે. આજે તેમના ૮૬માં જન્મદિવસ ઉપર સંપૂર્ણ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તરફથી તેમના ચરણોમાં વંદન અને સ્વામિનારાયણ ભગવાનનો ચરણોમાં જ એ પ્રાર્થના કે પૂ. ગુરુજીનું સ્વાસ્થ્ય સારું રહે.

**સહ જય સ્વામિનારાયણ**
**શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ,**
**સેકટર-૨૩, ગાંધીનગર.**



ગાંધીનગર ના દેશપ્રેમી યુવાનો દ્વારા ભારત દેશના વીર શહીદો માટે ગ-૪ સર્કલ ખાતે શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો, જેમાં ચાઈના વિરુદ્ધ નારા લગાવવામાં આવ્યા તથા યુવાનો દ્વારા ચાઈના ની વસ્તુઓ નો સંપૂર્ણ પણે બહિષ્કાર કરવાનો અનુરોધ કરવામાં આવ્યો. જેમાં હિલવુડ સ્કૂલના ધોરણ-૫ માં અભ્યાસ કરનાર ૯ વર્ષના મોહક બ્રિજલ પંડયા દ્વારા ગિટારથી વંદે માતરમ એન્થમ દ્વારા શ્રદ્ધાંજલી આપીને દેશભક્તિની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

## વિ કેર ફાઉન્ડેશન દ્વારા ગીર ફાઉન્ડેશન ખાતે યોગ દિવસની ઉજવણી





ગાંધીનગર તા. ૨૨

૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિ કેર ફાઉન્ડેશન દ્વારા ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પાર્ક ગાંધીનગરમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવીને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી.

જેમાં ગીર ફાઉન્ડેશનના નિયામક આર ડી કંબોજ, તથા વિ કેર ફાઉન્ડેશનના ચેરમેન જે સી પટેલ, એમ ડી રાજુભાઈ પટેલ, ટ્રસ્ટી અશ્વિન આનંદ તથા પ્રવિણભી પટેલ વગેરે યોગમાં સહભાગી બન્યા હતા.

## શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રા. શાળામાં ઓનલાઈન યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ૨૧મી જૂને 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે ઓનલાઈન શાળાની વિદ્યાર્થીનીઓ સાથે યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં શાળાની ધોરણ ૮ની કુલ ૭૨ વિદ્યાર્થીની બહેનો જોડાઈ શાળાના શિક્ષકો, સુપરવાઈઝર તથા શાળાનાં આચાર્યા બહેનો જોડાઈ હતી.

શાળાના મદદનીશ શિક્ષિકા બહેન પ્રજાપતિ આશાબેને યોગનાં તમામ આસનોની રીત અને યોગથી શારીરિક, માનસિક ફાયદાની આસન સાથે સમજણ આપી હતી. શાળાના આચાર્યા બહેન નિરુબેન વિદ્યાર્થિની બહેનોને શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે યોગ, કસરતો અને પોષણયુકત આહારની ઉપયોગી વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.


## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી


વલ્લભવિદ્યાનગર, તા. ૨૨


ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે બીવીએમ સેન્ટ્રલ કમિટી અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી.જેમાં એક્સપર્ટ તરીકે શલભ દયાલ (સહજ યોગ ટીમ ) ઉપસ્થિત રહ્યાં હતા.તેમણે સહજ યોગ નો પરિચય, મેડિટેશન ની જરૂરિયાત, થાૅટ પ્રોસેસ,ઈમ્પૅકટ ઓફ એૅન્ટિબાયૉટિકસ મેડિસિન,સ્ટ્રેસ,વર્કિંગ લાઈફ સ્ટાઈલ,ફૂડ હેબિટ જેવા ફેક્ટર્સ ની મનુષ્ય ના મન પર થતી અસરો,નર્વસ સિસ્ટમ,કુંડલિની પરિચય,સેલ્ફ રિઅલાઈઝેશન જેવા વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું.

સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે આજે ૨૧ જૂન ૨૦૨૦ ના દિવસ એ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, પશ્ચિમી સંસ્કૃતિ પ્રમાણે ફાધર્સ ડે,ખગોળ શાસ્ત્રની દ્રષ્ટિ એ સૂર્ય ગ્રહણ તથા વર્ષનો સૌથી લાંબો દિવસ એમ ચારેયનું સંયોજન છે.યોગ એ આપણી પ્રાચીન કાળની પરંપરા છે જેના સ્થાપક આદિ ગુરુ ભગવાન શિવ છે. યોગ,પ્રાણાયમ તથા મેડિટેશન એ ભારત ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૈનિક લાઈફ સ્ટાઈલનો ભાગ છે જે સૌને પ્રેરણા પુરી પાડે છે આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય યોગ દિવસને યુનાઈટેડ નેશન તથા ૧૭૮ દેશો સમર્થન પૂરું પાડે છે. યોગ એ શારીરિક તથા માનસિક તંદુરસ્તી તથા સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે ખુબ જરૂરી છે. વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે બીવીએમ એ સીવીએમના યુથ ડેવલપમેન્ટ વિઝન અંતર્ગત સતત પ્રયત્નશીલ છે.

ઉપરોકત ઈવેન્ટ ને સફળ બનાવવા માટે વાઈસ પ્રેસિડેન્ટ ઓફ બીવીએમ સેન્ટ્રલ કમિટી પ્રો.બી.એસ.પટેલ ,ડૉ.ભાર્ગવ ગોરડિયા, ડૉ.આકાર રોઘેલિયા (કલચરલ કન્વીનર), પ્રો.અમિત ભાવસાર (ટેકિનકલ કન્વીનર ),પ્રો.હરેશ પટોલિયા તથા સ્ટુડન્ટ ટીમ તરુણ નાગર(G.S) ,સલોની ગજ્જર (L.R) તથા અન્ય વિદ્યાર્થીઓ એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.ઉપરોકત ઈવેન્ટ ને યુ-ટ્યુબ પર ૨૪૦ થી વધુ અધ્યપાકો તથા વિદ્યાર્થીઓ એ નિહાળી હતી.ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યકત કરી હતી.










## મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીનું ગૌરવ

કડી, તા. ૨૨

ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણના સંશોધન કાર્યને વેગ મળે એ હેતુથી Scheme Of Developing High Quality Research (SHODH) યોજના અમલમાં મુકવામાં આવી. આ યોજના અંતર્ગત ગુજરાતની વિવિધ યુનિવર્સીટીઓના વિવિધ વિષયોના સંશોધન વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મળ્યો. એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજ કડીની અર્થશાસ્ત્ર વિષયની



વિદ્યાર્થીની દવે ઝલકબેન પ્રદીપભાઈને પી.એચ.ડી. નાં સંશોધન કાર્ય માટે શોધ યોજના હેઠળ સ્ટાઈપેન્ડ મળેલ છે. તેઓ કોલેજના આચાર્યા ડૉ.હિનાબેન એમ.પટેલના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.નું સંશોધન કાર્ય કરી રહ્યા છે. મહિલા કોલેજ પરીવાર અને એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી તેઓની સિધ્ધિ બદલ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.



વિશ્વ યોગ યોગ દિવસ નિમિત્તે યોજાયેલ ઓન લાઈન યોગ શિબિરમાં અનેક બાળકો એ ભાગ લીધો હતો જેમા રાજપૂત શ્લોક રાકેશ ભાઈ એ COVID-19 માં ગોલ્ડન સર્ટીફીકેટ મેળવ્યો.



### બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમે વિશ્વ યોગ દિવસ ઉજવ્યો

ગાંધીનગર પાસેના લેકાવાડા સ્થિત સીમા સુરક્ષા દળ બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર દ્વારા પણ આ વર્ષે 'યોગ એટ હોમ, યોગ વીથ ફેમિલી'ની થીમ પર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે ૭ કલાકે પ્રારંભ થયેલ ઉજવણીમાં ગુજરાત ફ્રન્ટિયરના મહાનિરીક્ષક જી.એસ. મલિક સહિત બીએસએફ જવાનોએ પોતપોતાના ઘરે રહીને યોગ-પ્રાણાયામ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સરહદે તૈનાત બીએસએફના જવાનોએ પણ ઉત્સાહપૂર્વક યોગ દિવસ ઉજવ્યો હતો.

# આઈઆઈટીના વિદ્યાર્થીઓએ સૂર્યનમસ્કાર ચેલેન્જ ઉપાડી યોગ દિવસ ઉજવ્યો




ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટી દ્વારા છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વર્ચ્યુઅલ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં આઈઆઈટી ના આર.એલ. શર્મા, દિનેશ પરમાર તથા ભારતી મકવાણાએ યોગ નિદર્શનની સેવાઓ પુરી પાડી હતી અને વિવિધ યોગાસનો અંગે યોગાર્થીઓને ઓનલાઈન ડેમોસ્ટ્રેશન તેમજ માર્ગદર્શન પુરું પાડયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આઈઆઈટી ખાતે ફિઝિકલ એજયુકેશનના કોર્સમાં યોગ-પ્રાણાયામનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી, વિશ્વ યોગ દિવસના એક દિવસ પૂર્વે આઈઆઈટી દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સૂર્યનમસ્કાર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં અનેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૩૦ મિનિટમાં ૨૫ સૂર્ય નમસ્કાર કરવાનો પડકાર ઝીલી લીધો હતો જયારે વિદ્યાર્થીઓએ ૩૦ મિનિટમાં ૫૦ સૂર્ય નમસ્કારની ચેલેન્જ સ્વીકારી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આઈઆઈટીના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની યોગ-પ્રાણાયામ કરતી સુંદર તસવીરો સોશ્યલ મિડિયા પર શે'ર કરી હતી.

## જન્મદિને વધામણી



પ્રવીણકુમાર એસ પટેલ
મો. ૯૮૨૪૩ ૨૩૩૬૧



આર ડી ગાંધી
મો. ૯૯૨૪૧ ૨૩૧૬૪



કાળીદાસ જી નાયી
મો. ૯૧૦૪૩ ૪૫૨૬૦



રેખાબેન કામાણી



શ્રેય વિમલભાઈ પટેલ
મો. ૭૮૭૪૮ ૦૮૮૩૫



કુમાર સ્વામી
મો. ૮૯૮૦૮ ૪૬૧૬૭



અસફાક



રહીમ મન્સુરી



તન્વીર મુલતાની
મો. ૮૭૮૦૧ ૭૦૪૯૬



આદમ મન્સુરી